RULES OF THE SURAT NATIVE CHRISTIAN PROVIDENT SOCIETY.

સુરતની ખ્રીસ્તી

સ્વસહાયતાકારક મંડળીના કાયદા.

સુરતઃ
આઇરિશ મિશન છાપખાનામાં છાપ્યા.
ઈ. સ. ૧૮૯૧.

કિંમત ૪ આના.

પ્રસ્તાવના.

આ મંડળી સ્થાપન કરવાનો પ્રથમ હેતુ શો છે, તે વાંચનાર તથા તેમાં દાખલ થનાર મેમ્બર સારી રીતે સમજી વાકેફ થાય એવા વિચારથી, આ થોડું પ્રસ્તાવનારૂપ વિવેચન કરી તમ સદ્‌ગૃહસ્થોની સન્મુખ મૂકિયેછિયે. એ સારૂ કે એમાં જે ખામી હોય તે મેહેરબાની કરી સુધારાર્થે અમને દરશાવશો એવી અમને પૂર્ણ આશા છે.

હવે પ્રથમ આ મંડળી સ્થાપન કરવાનો મુખ્ય હેતુ આ છે કે, ધર્મની કેટલીક મુખ્ય વાતો વિષે હાલના જુવાનીઆ છોકરાઓ શીખે, ને પ્રભુનું કામ કરવાને સારીપેઠે પ્રવીણ થાય એવા વિચારથી આપણા માનવંતા પાળક મેહેરબાન રે૦ જોન સીલીડી સાહેબે ઈ. સ. ૧૮૯૦ની સાલમાં બૈબલ અભ્યાસને માટે નાઈટ સ્કૂલ ઉઘાડી હતી. તેમાં નાના મોટા આસરે (૨૫) પચીસેક અભ્યાસીઓ શીખતા હતા. એ દરમ્યાન પાળક સાહેબે પોતાનો વિચાર દરસાવ્યો કે, આપણે બધાએ મળી શેહેરના કેટલાક ભાગોમાં ખ્રીસ્તની સુવાર્ત્તા પ્રગટ કરવા જવું. આ વિચારને બધા શીખનારાએ અનુકુળ થઈ અઠવાડીઆમા એકવાર એટલે દર શુક્રવારની સાંજના પોતાના ખાનગી વખતમાં એ કામ કરવાનો નિશ્ચય કર્યો. તેમાં પ્રથમ ગાયન ગાઈ રહ્યા પછી જમા થએલા સાંભળનાર લોકોને આપણા પાળક સાહેબ શાસ્ત્રમાંથી વાંચી તેના ઉપરથી બોધ કરતા હતા. એજ પ્રમાણે અમારામાંના કેટલાએકને પાળક સાહેબે ઉત્તેજન આપ્યું કે, ખ્રીસ્તની સુવાર્ત્તા વિષે બોલવાનો અભ્યાસ થાય માટે શાસ્ત્રમાંથી કોઈ વિષય લઈ તમારામાંથી બબે જણ બોલો તેહ સારૂં, તે વાતને અનુકુળ થઈ સુવાર્ત્તા વિષે થોડું થોડું બોલતા હતા. એ કામ કરવાથી અભ્યાસીઓના મનમાં ઘણી હોંસ તથા ઉત્કંઠા ઉત્પન્ન થવાથી કેટલાકના મનમા એવો વિચાર થયો કે, સાહેબ સાથે જઈએછિયે તે છતાં આપણા બોલવાનો અભ્યાસ વધારવાને માટે કાંઈ વિશેષ કરવું જોઈએ, માટે આપણે શેહેરમાં તથા શેહેર બહાર હજારો માણસો ખ્રીસ્તરહિત છે તેઓને આપણા ખ્રીસ્ત તારનારની સુવાર્ત્તાથી જે લાભ આપણે પામ્યા તે સુવાર્ત્તાની વધામણી પ્રગટ કરવા જવું, માટે કેટલાક જુવાનોના એક મતથી મંડળી સ્થાપન કરી. તેમાં બૈબલ તથા ગાયનનો અભ્યાસ હમેશા ચાલુ રહે તેને માટે સ્વધર્મ તથા અન્ય ધર્મોના કેટલાંક પુસ્તકો ખરીદી વંચનશાળા કહાડવી, અને જ્યારે આપણે આપણા સંસારી કામોમાંથી મોકળા થઈયે એટલે રવિવારને દિવસે પ્રભુની સવારની સેવા કરી, શેહેરમાં તથા શેહેરની આસપાસ બબે ત્રણત્રણ મૈલને અંતરે જઈ પ્રભુના સ્તોત્ર ગાઈ તેના ની વધામણી સર્વ લોકોને પ્રગટ કરવી.

હવે મંડળીનું નામ, કામ તથા નિયમ દરસાવવાં જોઇયે, તે ઉપરથી મંડળીનું નામ "સુરતની ખ્રીસ્તી સ્વસહાયતાકારક મંડળી." રાખવામાં આવ્યું. અને તેના નિયમ તથા કામો ચલાવવા માટે ચાર કામદાર નિમાયા, એટલે અધ્યક્ષ, સેક્રેટરી, મદદનીસ સેક્રેટરી, તથા ખજાનચી.

આ મંડળીના મુખ્ય ત્રણ વર્ગ ઠરાવેલા છે, તેમાંના જે વર્ગમાં જે મેમ્બર દાખલ થાય તેને વાસ્તે ફી ઠરાવેલી છે. હવે એ ફીના પૈસાના આવકનો ઉપયોગ પણ મંડળીના નામ પ્રમાણે કરવામાં આવશે. કારણ કે આપણે આ વિશાળ દુનિઆમાં અવલોકન કરતાં વિચાર કરિયેછિયે તો સાફ માલમ પડેછે કે, આત્મિક તથા દૈહિક બંને એક બીજા સાથે સંબંધ ધરાવેછે. પણ પ્રથમ આત્મિક પછી તેની સાથે દૈહિક વાનાંની જરૂર છે. આપણે ખ્રીસ્ત ઇસુથી જે લાભ પામ્યા તે જાત મેહેનતથી બીજાને પમાડવો જોઇએ, પણ એ સારા કામનો અંતે સારો પરિણામ નીપજે એવું છતાં ઘણીક વારે એવું બનેછે કે, તેનો અટકાવ થઇ તેના સારા પરિણામની આશા રહેતી નથી. માટે આ મંડળીના સભાસદોનો એવો વિચાર ઉત્પન્ન થયો કે જેમ આત્મિક લાભ પામવાની આશા રાખીયેછિયે, તેમજ દૈહિક વાનાંનો આપનાર પણ તેજ પ્રભુ છે માટે આ મંડળીના દરેક વર્ગની જે દરમાસે ફી એકઠી થાય તે સેવીંગ બેંકમાં મુકવી, કે જેથી કરી આપણી નબળી સ્થિતિને પડતે દહાડે ઉપયોગમાં આવે, અને એક બીજાને આપણે ટેકારૂપ થઇએ. એક મત તથા એકાગ્રચિત્તે પ્રભુનું કામ યોગ્ય રીતે ચલાવી શકીયે, એટલુંજ નહિ પણ ફક્ત આપણા વારસને માલમ પડે કે, અમારા આગળના વડાવાઓએ આ પ્રમાણેનાં કામો કર્યાં છે, એથી એમને ઉત્તેજન થાય માટે તેમની યાદગારીને વાસ્તે દરેક સભાસદના વારસને રૂ. ૩) અંકે ત્રણ ઠરાવેલી મુદત સુધી આપવાને મંડળીએ ઠરાવ્યું છે. આ મંડળીના વર્ગના આવક જાવકના પૈસાને વાસ્તે કેટલાક કાયદા પણ દરસાવ્યા છે તેમજ કામોની ગોઠવણીને વાસ્તે પણ નિયમો છે. આ પ્રમાણેના અમારા સર્વ વિચારો બહાર પાડયા છે.

આ મંડળીમાં ગુજરાત તથા કાઠીઆવાડના દરેક ખ્રીસ્તિ ભાઇઓ દાખલ થઇ શકે પણ દેશાવરનો દાખલ થનાર મેમ્બર પોતાની રહીસ જગોથી એજન્ટ મારફતે મંડળીનું લવાજમ નિયમસર ખજાનચીને પોહોંચાડે. પણ તે મેમ્બરે યાદ રાખવું કે મંડળીના સર્વ હકો પુરા પાડવાને મંડળી તેની સાથે નિયમથી બંધાયલી છે. માટે અમો પૂર્ણ આશા રાખીયેછિયે કે આ કામમાં કેટલાક દેશાવરના તથા ઘોઘાના ખ્રીસ્તિ ભાઇઓ ભાગ લેશે.

હવે પ્રભુ આ નાની ટોળી ઉપર આશીર્વાદ મોકલો કે જે મન તથા આત્મા રાખી તારૂં કામ યોગ્ય રીતે કરે તે બળવાન થાય. આમેન.

સુરતની ખ્રી૦ સ્વસહાયતાકારક મંડળીના કાયદા.

૧.—આ મંડળીમાં નવા મેમ્બર દાખલ થાય તેની પાસેથી પ્રથમ અડધો રૂપીઓ લેવામાં આવશે, ત્યારબાદ દરમાસના ઠરાવેલા વર્ગની ફી લેવામાં આવશે.

૨.—આ સભામાં મુખ્ય ત્રણ વર્ગ ઠરાવેલા છે. તેમાં પેલા વર્ગમા દાખલ થનાર મેમ્બર પાસેથી દર મહીને રૂ. ૧) લેવામાં આવશે, અને બીજા વર્ગના મેમ્બર પાસેથી રૂ. ાા અને ત્રીજા વર્ગના મેમ્બર પાસેથી રૂ. ા લેવામાં આવશે.

૩.—જ્યારે સભા મળે ત્યારે દરેક મેમ્બરોએ નિયમસર હાજર થવું, અગર જરૂરિયાતના કામ સારૂ ન આવી શકાય તો સેક્રેટરી સાહેબને ચીઠ્ઠી મારફતે જણાવવું.

૪.—મેમ્બરોના ઠરાવ મુજબ ચાર કામદારો નિમાયા છે. (૧) અધ્યક્ષ, (૨) સેક્રેટરી, (૩) મદદનીસ સેક્રેટરી, (૪) ખજાનચી. તેમાં અધ્યક્ષ સાહેબ સભાની દેખરેખ રાખે, સેક્રેટરી તથા મદદનીસ સેક્રેટરી દર મહીને બેવાર સભા મેળવે, અને જરૂરીઆતના કામ સારૂ કોઈ પણ વખતે સભા મેળવી શકે તેમાં પંદર પંદર દિવસનો રિપોર્ટ વાંચી સંભળાવે, સેક્રેટરી તથા ખજાનચી શીવાય બે કામદારો ત્રણ ત્રણ માસે બદલાશે.

૫.—દરેક મેમ્બરોએ ઉપરી અધિકારીને યોગ્ય માન આપવું, વળી એ પણ યાદ રાખવું કે, અપશબ્દોએ કરીને સામા માણસને ખોટું લાગે તેમ ઠઠ્ઠા મશ્કરીની રાહે પણ બોલવું નહિ.

૬.—દરેક મેમ્બરોએ સ્વધર્મ તથા અન્યધર્મોની મુખ્ય બાબતોનું સારૂં જ્ઞાન મેળવવાને સભા તરફથી ખરીદ કરેલી ચોપડીઓ સભાના મકાનમાં રાખવામાં આવશે, તે સવારના છ થી તે આઠસુધી, અને સાંજના છ થી તે નવસુધી ત્યાં બેસીને વાંચવી. અને દર રવિવારે સભાના દરેક કામદારોએ મેમ્બરોની સાથે શેહેરમા તથા શેહેરની બહાર ખ્રીસ્તની સુવાર્તાનો પ્રસાર કરવા માટે જવું.

૭.—ખ્રીસ્તી કુટુંબોમાં જો કોઈ બિમાર હોય એવી ખબર મળે કે સભાના મેમ્બરોએ ખબર લેવા જવું.

૮.—સભાના મેમ્બરોએ ઈશ્વર સ્તોત્રના ગાયન ગાવાને માટે મહીનામાં બે સભાના મકાનમાં મળવું.

૯.—દરેક મેમ્બરોએ ખજાનચીને દરમાસની ઉઘરાણીના પૈસા ૧૦ મી તારીખ સુધીમાં પોહોંચાડવા અગર એ મુદતમાં નહિ આપી શકાય તો તેણે પોતાની અડચણ ખજાનચીને જણાવવી.

૧૦.—જો કોઈ મેમ્બર દેશાવર જાય તો તેણે સભાનું ઠરાવેલું લવાજમ દરમાસનું દરમાસે મોકલી આપવું.

૧૧.—૯ મા કાયદા પ્રમાણે જો કોઈ પણ મેમ્બર પૈસા ન ભરે તો તેને દસ દિવસની છૂટ આપવામાં આવશે ત્યારબાદ મંડળીમાં તેનો હક નથી.

૧૨.—દરમાસે ઉઘરાણીના પૈસાની જે રકમ ભેગી થાય તેમાંથી ખજાનચી પાસે પાંચ રૂપિયાથી ઓછી રકમ હોય તે પુરી કરી આપી બાકીની રકમ સેવીંગ બેંકમાં મંડળીને નામે મુકવી.

૧૩.—ખજાનચી પાસે હમેશાં રૂ. ૫) અંકે પાંચ રૂપીઆની રકમ રહેવી જોઈએ ને દર ત્રણ ત્રણ માસે આવક જાવકનો હીસાબ તેણે આપવો.

૧૪.—જો કોઈ મેમ્બર રાજી ખુશીથી નીકળી જવા ચાહે તો તેની ભરેલી રકમમાંથી અડધી રકમ પાછી આપવામાં આવશે, પણ જો તે મેમ્બર મંડળીના સભાસદો સાથે તકરાર કે ગેરવર્ત્તણુક રીતે વરત્યો હોય તો તેની ભરેલી રકમમાંથી પાછું આપવાને વાસ્તે સભા જે ઠરાવ કરે તે તેણે કબૂલ રાખવો.

૧૫.—રાજીખુશીથી નીકળનાર મેમ્બરે પોતાપર મંડળીનું ચડેલું લવાજમ આપવાબાદ સભાને એક માસ અગાઉથી નોટીસ આપવી.

૧૬.—જ્યારે રૂ. ૨૦૦) અંકે બસોની રકમ એકઠી થાય ત્યારે થાપણમાં રૂ. ૧૦૦) અંકે સો રાખી બાકીના રૂ. ૧૦૦) માંથી ઉપાડ કરવો.

૧૭.—થાપણ ઉપરાંત જે રકમ થાય તેમાંથી કોઈ મેમ્બરને પૈસાની ખરી અગત્ય હોય તો તેની ભરેલી રકમમાંથી થોડું ડીપોઝીટ રાખી સભાના ઠરાવ મુજબ ચાલુ સરકારી ધારા પ્રમાણે લખાણ કરી ટુંક મુદતમાં વાળી આપે એવી સરતે આપવા. પણ તે મેમ્બર પોતાની હૈયાતીમાં તે પૈસા વાળી ન શકે

તો તેણે લીધેલી રકમ પોતાના ઠરાવેલા વારસના વારસામાંથી વસુલ કરી લેવી. અને બાકી રહેલી રકમ મરહુમ મેમ્બરના વર્ગની ઠરાવેલી મુદતમાં બાપીકા હક તરીકે વારસને આપવી.

૧૮.—જો કોઈ મેમ્બરને સભા તરફથી પૈસાની મદદ જોઈએ તો તે મેમ્બરે પોતાનો હેવાલ સેક્રેટરી સાહેબને લખાણ મારફતે જાહેર કરવો અને સેક્રેટરી સાહેબ તે લખાણનો હેવાલ સભા મેળવી જાહેર કરે તો તે વિષે સભા વિચાર કરી જોઇતી મદદ તેને ૧૭ મા કાયદા પ્રમાણે આપશે.

૧૯.—સેવીંગ બેંકમાં મુકાએલી થાપણ જ્યારે રૂ. ૫૦૦) અંકે પાંચસો કરતાં જેટલી ઉપરાંત હોય તે (ઉપરાંત રકમ) ને કોઈપણ રીતના ઉદ્યોગમાં આણી તેમાં વધારો થાય તેમ કરવું. એમ કરતાં જે નફો થાય તે દરેક મેમ્બરને પોતાના વર્ગની ભરેલી રકમ પ્રમાણે વેહેંચી આપવામાં આવશે.

૨૦.—૧ લા વર્ગનો જો કોઈ મેમ્બર આ જીંદગી છોડી સ્વર્ગવાસી થાય તો તેના વારસને રૂા. ૩) અંકે ત્રણ દર માસે બાપીકા વારસના હક તરીકે ચાર વરસ સુધી આપવા. અને બીજા વર્ગના મેમ્બરના વારસને રૂા. ૩) અંકે ત્રણ બે વરસ સુધી આપવા. તેમજ ત્રીજા વર્ગના મેમ્બરના વારસને રૂા. ૩) અંકે ત્રણ એક વરસ સુધી આપવા.

૨૧.—૧ લા વર્ગનો મેમ્બર પોતાની હૈયાતીમાં જેટલી રકમ ભરે તેટલીજ પુરેપુરી તેના વારસને આપવામાં આવશે. તેમજ બીજા અને ત્રીજા વર્ગને વાસ્તે ૨૦ મા કાયદા પ્રમાણે આપવામાં આવશે.

૨૨.—મંડળીના સરસામાન વિગેરેના ખરચમાં વાપરવા વરસમાં બેવાર ઉઘરાણાનુ લીસ્ટ કહાડવામાં આવશે તેમાં દરેક મેમ્બરને પોતાની મરજી મુજબ પૈસ ભરવાની છુટ છે.

૨૩.—મેનેજીંગ કમીટીને માટે દર ત્રણ ત્રણ માસે પાંચ માણસ ચુંટીને રાખવા.

૨૪.—સભાની ઉઘરાણીના પૈસાની રકમ રૂા. ૨૦૦) અંકે બસોની થાય ત્યાં સુધી સેવીંગ બેંકમાં મંડળીના નામથી સેક્રેટરીના નામે મુકી તેની પાસેથી કબુલાત ખત લખાવી લેવામાં આવશે. અને તે ખત તથા તેના નામની સેવીંગ બેંકની ચોપડી મેનેજીંગ કમીટીના સ્વાધીનમાં રાખવામાં આવશે.

૨૫.—મેરીજ ફંડમાં ખુટાએલી રકમ આશરે રૂ. ૨૦૦) આજુ બાજુની રકમ પૈસાની વ્યવસ્થા કરવાને માટે સભા તરફથી ચાર મેમ્બરોને તેમની મરજી મુજબ પસંદ કરી ચુંટી કહાડવામાં આવશે.

૨૬.—મેમ્બરોની સંખ્યા દસથી ઓછી હોય તો મંડળી છુટી પડવાને મુખત્યાર છે.

૨૭.—હૈદ્રાબાદના બહાર મેમ્બરોએ મંડળી તરફના એન્જન્ટની મારફતે મંડળીનું લવાજમ ભરવાની ૫૨ ૯ મા કાયદાની સરત પ્રમાણે પાડવી આપવું. પણ તેના સર્વ હકો પુરા પાડવાને મંડળી બંધાએલી છે.

૨૮.—આ મજકુર સભાના કાયદાની ચોપડી દરેક મેમ્બરે જરૂર રાખવી જોઈયે. અને તે ઠરાવેલી કીમતે સભાની સીલ સહિત આપવામાં આવશે અને તે પૈસા મંડળીના ઉપલક ખરચમાં વાપરવા.

૨૯.—આ ઉપર દરસાવેલા અઠાવીસ કાયદાઓ ત્રણ વરસ સુધી અમલમાં રહેશે, અને જરૂર પડે તો મજકુર કાયદાની મતલબ ન જતાં સુધારો વધારો કરવામાં આવશે.